# ભિલોડામાં કોરોનાથી નગરજનોમાં ફફડાટ

### અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ત્રિભોવનનગર સોસાયટી વિસ્તાર કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ : બફર ઝોન વિસ્તારમાં ૯ ઓગસ્ટ સુધી લોકોની અવર-જવર પર ૫. કિ.મી ત્રિજ્યામાં પ્રતિબંધ

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ કોવિડ-૧૯ ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે કોરોના વાયરસ કોવિડ-૧૯ ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ કોવિડ-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારુ પ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ ભિલોડા તાલુકાના ત્રિભોવનનગર સોસાયટી વિસ્તારમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એકટ, ૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે કોવિડ-૧૯ નો કોન્ટેઈનમેન્ટ એરીયા (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં કોવિડ-૧૯ નો કેસ મળી આવેલ ભિલોડા તાલુકાના ત્રિભોવનનગર સોસાયટી વિસ્તારને કોવિડ-૧૯ કોન્ટેઈનમેન્ટ એરીયા તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી. વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ (તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.

આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા. ૯ ઓગસ્ટ ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## નેવીમાં નોકરી અપાવવાના બહાને ભાણીયાએ મામા સાથે ૪.૭૭ લાખની છેતરપીંડી

### વિજયનગરમાં રહેતા મામા પાસેથી ભાણીયો નોકરી અપાવવાના બહાને છેતરી ગયો : બનેવીએ પણ હાથ અધ્ધર કરી દેતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો

હિંમતનગર, તા. ૨૮

અત્યારના જમાનામાં નોકરી બાબતે જો કોઈ અજાણી વ્યક્તિ પદ્ધતિસરની વાત કરીને સામેવાળી વ્યક્તિને વિશ્વાસમાં લે તો ભણેલ ગણેલ વ્યક્તિ પણ તેના પર વિશ્વાસ મુકી દે છે. ત્યારે બે વર્ષ અગાઉ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર ખાતે રહેતા લક્ષ્મણપુરા ગામના રહીશ અને સામાજીક રીતે ભાણીયા થતા વ્યક્તિએ વિજયનગમાં રહેતા મામાને તેમના દિકરાને નેવીમાં નોકરી અપાવવાના બહાને અંદાજે રૂ. ૪.૭૭ લાખ વિવિધ બહાના બતાવી લઈ લીધા બાદ તથા નોકરી ન અપાવીને વિશ્વાસઘાત અને છેતરપીંડી કરાયાની ફરીયાદ રવિવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે વિજયનગરના ડાભીવાસમાં રહેતા ચંદુભાઈ સોમાભાઈ ડાભીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૨૫-૬-૧૮ થી તા. ૨૧-૨-૨૦ દરમિયાન દઢવાવ પાસેના લક્ષ્મણપુરા ગામે રહેતા દિનેશભાઈ પંચોલા સાથે ચંદુભાઈ ડાભીના બહેનના લગ્ન કરાયા બાદ દિનેશભાઈ પંચોલાનો પુત્ર અને ચંદુભાઈનો ભાણીયો કે જે અનિલકુમાર પંચોલા નેવીમાં રાજસ્થાન ખાતે નોકરી કરે છે. તેણે પોતાના મામાના પુત્ર કુલદીપને મુંબઈ ખાતે ટ્રેનીંગ અપાવ્યા બાદ નોકરી અપાવવાની લાલચ આપી હતી અને વર્ષ ૨૦૧૮માં મામા ચંદુભાઈ પાસેથી હાથ ઉછીના પેટે રૂ. ૧ લાખ લીધા હતા. તેમ છતાં મામાએ ભાણીયાને રોકડ રૂપીયા આપી વાયદા મુજબ પરત આપવાની વાત કરીને પાલ ખાતે આવેલ બેંકના ખાતામાં નાખી અનિલને રૂ. ૧ લાખ મોકલી આપ્યા હતા.

ત્યારબાદ ફરીથી જ્યારે અનિલ પંચોલા ગામડે આવ્યો ત્યારે તેના મામા ચંદુભાઈએ હાથ ઉછીના આપેલા રૂ. ૧ લાખ પરત માગ્યા હતા પરંતુ તે વખતે કોઈક કારણોસર અનિલે પૈસા ન આપીને બહાના બતાવ્યા હતા. દરમિયાન મામા ચંદુભાઈ ડાભીને તેમના પુત્ર કુલદીપને નેવીમાં નોકરી અપાવવી હોય તો રૂ. ૪ લાખથી વધુનો ખર્ચ થશે તેમ જણાવી નોકરીની લાલચ આપ્યા બાદ આખરે ભાણીયાએ મામા પાસેથી બીજી વખત નોકરી પેટે તેના સાહેબને આપવા માટે રૂ. ૩.૭૭ લાખ લઈ લીધા હતા અને થોડા સમય બાદ અનિલે મામાને કહ્યુ હતુ કે મારે સાહેબ સાથે વાત થઈ ગઈ છે. તેથી કુલદીપને ટ્રેનીંગ માટે મુંબઈ મોકલવો પડશે જેથી રૂ. ૨૨,૫૦૦ નો ખર્ચ થવાનો છે તેમ કહી મામને ભોળવી ખંખેરી લીધા હતા.

આ વાતને ખાસ્સો સમય વિતી જવા છતા કુલદીપના નોકરીના ઠેકાણા ન પડતા ચંદુભાઈએ તેમના બનેવી દિનેશભાઈ પંચોલાને વાત કરી હતી. પરંતુ કોઈ નિવેડો આવ્યો ન હતો અને આખરે કેટલાક સગાસંબંધીઓને બોલાવી વાત કરતા અનિલે મામાને કેટલીક રકમ પરત આપી હતી. પરંતુ પુરેપુરી રકમ પરત ન મળતા આખરે રવિવારે અંદાજે બે વર્ષ પછી મામાએ ભાણીયા વિરૂદ્ધ વિશ્વાસઘાત અને છેતરપીંડી બદલ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાંવી હતી. જેના લીધે મામા અને ભાણીયા વચ્ચેના સંબંધમાં કટુતા આવી ગઈ છે. ઉલ્લેખનીય છે કે અગાઉના જમાનામાં વડવાઓ જ્યારે કોઈપણ વેણ ઉચ્ચારે તો તેને પુરી કરવા માટે ગમે તે કરતા હતા પરંતુ આ કળીયુગમાં જે બનાવો બની રહ્યા છે તેના પરથી અનેક લોકોને એવા અનુભવ થયા છે કે પૈસાની બાબતમાં કોઈના પર વિશ્વાસ કરતા પહેલા વિચાર કરવો જોઈએ.




જાયન્ટસ મોડાસાનું જીવ દયા અભિયાન ચારસો પચાસ કિલો દૂધીનું ગાયો અને જરૂરિયાતમંદોને વિતરણ કર્યું. શહેરોમાં એમાં પણ સોસાયટી વિસ્તારોમાં ગાયો નધણિયાતા ફરતી હોય છે જેમનો ખોરાક ઘાસચારો હોય છે પણ આ ગાયોને એઠવાડ ખાય અને જીવવું પડતું હોય છે ત્યારે મોડાસા જાયન્ટસ ફેડરેશનના વાઈસ ચેરમેન નિલેશભાઈ જોશીએ જણાવ્યું હતું કે જશુભાઈ મીઠાવાળા સહયોગથી શાકભાજી. ઘાસચારો લાવીને મહિનામાં બે થી ત્રણ વાર આ ગાયોને આપવામાં આવશે જ્યારે શાકભાજી જરૂરિયાતમંદ લોકોને પહોંચતી કરવામાં આવશે. અભિયાનમાં જાયન્ટ પ્રમુખ નરેન્દ્ર પટેલ, મંત્રી પ્રવીણભાઈ પરમાર, ધર્મેન્દ્ર ત્રિવેદી, કિરણ પુજારા, જાયન્ટ્સ મિત્રો જોડાશે.

# રતનપુર બોર્ડર સીલ કરાઈ

### રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશતા વાહનચાલકોને રાજસ્થાનની પોલીસે અટકાવ્યા

રાજસ્થાનના રાજકિય સંગ્રામ ચરમસીમાએ પહોંચ્યો છે. રાજસ્થાનના રાજકારણમાં દરરોજ નવા રંગ જોવા મળી રહ્યા છે. પહેલા સચિન પાયલટનો બળવો, ત્યારબાદ એકબીજા પર આક્ષેપ પ્રત્યાક્ષેપ, ઓડિયો કાંડ અને હવે અશોક ગહેલોતે પોતાની પાસે બહુમતિ હોવાનો દાવો કર્યો છે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોત શનિવારે સાંજે રાજભવન જઈને રાજ્યપાલને મળ્યા હતા. મુખ્યમંત્રી અશોક ગહેલોતના સમર્થક ધારાસભ્યોએ સત્ર બોલાવવાની માંગને લઈને રાજભવનમાં ધરણાં શરૂ કરી દીધાં છે ત્યારે એકાએક રાજસ્થાન રાજ્યની ગુજરાતને જોડતી આંતરરાજ્ય સરહદો સીલ કરી દેવાંમાં આવતા વાહનચાલકો અટવાઈ પડતા વાહનચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. શામળાજી રતનપુર ચેકપોસ્ટ પર



રાજસ્થાન તરફથી આવતા વાહનચાલકોને અટકાવી દેવામાં આવ્યા છે અને તમામ ખાનગી વાહન ચાલકો પાસેથી પાસ માંગવામાં આવતા વાહન ચાલકો અટવાઈ પડ્યા છે. આંતરરાજ્ય સરહદ બંધ કરવા પાછળ હાલ રાજસ્થાનમાં ચાલતો રાજકીય ડ્રામા જવાબદાર હોવાનુ વાહન ચાલકો માની રહ્યા છે.

સોમવારે સાંજે રાજસ્થાન સરકારે રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશતા ખાનગી વાહનચાલકો અટકાવી પાસ હોય તો જ રાજસ્થાન બહાર જવા મળશે ના આદેશ પગલે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે, બીજી બાજુ ગુજરાતમાંથી રાજસ્થાન જવા માંગતા વાહનચાલકોને રાજસ્થાનમાં પ્રવેશવા દેતા હોવાથી રાજસ્થાન સરકારની કામગીરી સામે અનેક સવાલ પેદા થઈ રહ્યા છે.

રાજસ્થાનમાં ફરવા કે કામકાજ અર્થે ગયેલા ગુજરાતીઓ હાલ તો રાજસ્થાન પ્રશસાન તંત્રએ લીધેલા અચાનક નિર્ણયથી આચંકો અનુભવ્યો છે. રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશતા અટકાવતા રતનપુર ચેકપોસ્ટ નજીક વાહનોનો ખડકલો થઈ ગયો છે, વાહનચાલકો જણાવ્યા અનુસાર તેમની પાસેથી રાજસ્થાન પોલીસ પાસ માંગી રહી છે ત્યારે હાલ ક્યાં જઈએ અને ક્યાંથી પાસ લઈ તે જ ખબર પડતી ન હોવાનું જણાવી આક્રોશ વ્યક્ત કરવા સિવાય કોઈ છૂટકારો ન હોવાનું જણાવી રહ્યા છે.

## હિંમતનગરમાં પાંચ, તલોદમાં બે અને ઈડરમાં એક કેસ

### જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૩૮૩ થયો

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં હિંમતનગરમાં ૫, તલોદમાં ૨ અને ઈડરમાં ૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાતાની સાથે જ આઠ કેસ ઉમેરાતા કુલ આંકડો ૩૮૩ પર પહોંચી ગયો છે. બિન સત્તાવાર મળતી માહિતી મુજબ મંગળવારે કોરોનાને લીધે વડાલીમાં એક વેપારીનું અવસાન થયુ છે પરંતુ સત્તાવાર રીતે સમર્થન મળ્યુ નથી.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ સોમવારે સાંજે પાંચ વાગ્યાથી મંગળવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં જે આઠ કેસ નોંધાયા છે તેમાં પાંચ કેસ હિંમતનગરના છે. જેમાં જણાવાયા મુજબ હિંમતનગરની વૈભવ સોસાયટીમાં ૩૫ વર્ષીય યુવક, જુની સિવિલ વિસ્તારમાં ૫૭ વર્ષીય પુરૂષ, બગીચા વિસ્તારમાં ૩૬ વર્ષીય મહિલા, શિવમ સોસાયટી પોલોગ્રાઉન્ડમાં ૨૮ વર્ષીય યુવક અને લીમડી ફળીયા વિસ્તારમાં રહેતા ૪૮ વર્ષીય મહિલાનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તદઉપરાંત તલોદમાં આવેલ સર્વોદય સોસાયટીમાં રહેતા ૪૭ વર્ષીય પુરૂષ તથા રેલવેફાટક નજીક રહેતા ૫૮ વર્ષીય પુરૂષ સહિત ઈડરના બંગલા વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય મહિલા કોરોનામાં સપડાયા છે. જેથી અત્યાર સુધીમાં જિલ્લામાં કોરોના પોઝીટીવના કુલ કેસનો આંકડો ૩૮૩ પર પહોંચી ગયો છે. જોકે હાલ ૮૬ કેસ એક્ટીવ છે અને ૨૯૦ દર્દીઓને રજા આપી દેવામાં આવી છે.

અત્રે યાદ રહે કે હિંમતનગર સહિત જિલ્લામાં કોરોના પોઝીટીવમાં સપડાયેલા કેટલાક દર્દીઓનો ઈમીન્યુટી પાવર ઓછો હોવાને કારણે તેઓના મોત નિપજ્યા છે. બિન સત્તાવાર રીતે મળતી માહિતી મુજબ મંગળવારે વડાલીમાં રહેતા એક વેપારીનું નિધન થયુ છે. સાથોસાથ હિંમતનગર સહિત જિલ્લાના અનેક ઠેકાણે કોરોનાને લીધે કેટલાક દર્દીઓના મોત થયા છે. પરંતુ આરોગ્ય વિભાગ સમર્થન આપતુ નથી જેના લીધે આરોગ્ય વિભાગે આજદિન સુધી ફક્ત સાત લોકોના મોત થયાનું ગાણુ ગાય છે.

## ટેકનોલોજી જમાનામાં ધાનેરા નગરપાલિકાના પ્રમુખની સત્તા શું રિમોટથી ચાલી રહી છે?

### કોઈ કામ માટે પ્રમુખની વાત કરવામાં આવે છે તો જવાબ મળે છે મારે પૂછવું પડશે : નગરપાલિકાના પ્રમુખ પાસે કોઇ સત્તા નથી તો રીમોટ કોના હાથમાં છે ?

ધાનેરામાં નગરપાલિકાના શરૂઆતમાં ખૂબ જ સારી રીતે વહીવટ ચાલ્યો હતો જે સમયે કોઈ રિમોટ પ્રથા ન હતી છતા અભિયાન પણ પૂરજોશમાં ચાલુ હતું જેમ જેમ નવા પ્રમુખ બદલાતા ગયા એ પ્રમુખો પાસેની સત્તા ફક્ત નામની રહી ગઈ અને રીમોટ બીજુ કોઈ ચલાવી રહ્યું છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે આ રિમોટ પ્રથા કેટલા દિવસ ચાલશે? શું પ્રમુખ બન્યા પછી ફક્ત તેની ગાડી ઉપર સિમ્બોલ લગાડવા પુરતી છે? અનેક પ્રશ્નોની રજૂઆત માટે પ્રમુખશ્રી પાસે જતા લોકોને કહેવામાં આવે છે "સારુ હા પૂછી ને કઈશ" એટલે કે જેમ મનમોહન સરકારમાં હતી તેવી ધાનેરામાં પણ શું રિમોટ થી ચાલે છે અત્યારે કોરોનાની મહામારી ના હિસાબે તેમજ ચોમાસુ આગળ હોવાથી ગટરો ભૂગર્ભ ગટરો ઉભરાઈ રહી છે જે ઠેર કચરો અને ગંદકી જોવા મળી રહી છે તેવા અનેક પ્રશ્નો ધાનેરા ના વિકાસ માટે અટવાયેલા પડયા છે ફક્ત માવા મલાઈ ની કામો ની રમઝટ વધુ જોવા મળી રહી છે તો ત્યાં સુધી કોઈ કામ લોકોના હિતમાં થાય તેવું લાગી રહ્યું નથી ધાનેરા ગામજનોની રજૂઆત છે તે સત્તામાં આવેલા પ્રમુખ પોતાના મગજથી શું વિચારવાની ક્ષમતા ધરાવતા નથી ? ધાનેરાની નગરપાલિકામાં ચાલતી રીમોટ પ્રથા નાબૂદ થાય તે ગ્રામજનો ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે.

## મોડાસામાં વરસાદમાં રોડ પર ઓઈલ ઢોળાતા બસ સ્લીપ થતા ઝાડ સાથે ભટકાઈ

મોડાસા, તા. ૨૮

મોડાસા શહેરના સાંઈમંદિર નજીકથી વરસતા વરસાદમાં રોડ પર ઢોળાયેલ ઓઈલના પગલે રોડ પરથી પસાર થતી એસટી બસના ચાલકે વળાંકમાં સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રોડ બાજુમાં રહેલા ઝાડ સાથે ભટકાતાં બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરોમાં ભારે હોહા મચી હતી. બસમાં મુસાફરી કરી રહેલ મુસાફરોમાંથી એક બાળકીની આંખે ગંભીર ઈજા પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સે ફોન લગાવતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ માલપુર હોવાથી સમય લાગે તેમ હોવાથી જાયન્ટ્સ મોડાસાના નિલેશ જોશી અને પ્રવીણ પરમારે ઈજાગ્રસ્ત દીકરીને તાબડતોડ રીક્ષા મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું સદનસીબે વાહનો અને રાહદારીઓથી ધમધમતા રોડ પર એસટી બસ સ્લીપ થતા મોટી જાનહાની ટળી હતી.

મોડાસા-માલપુર રોડ પર ફતેપુરા (દાહોદ)થી વિજાપુર જતી એસટી બસ (ગાડી.નં-જીજે-૧૮ઝેડ-૬૪૦૮)ના ચાલકે સાંઈમંદિર નજીક મારૂતિ કોમ્પ્લેક્ષ આગળ વળાંકમાં વરસતા વરસાદમાં રોડ પર ઓઈલ ઢોળાયેલ હોવાથી બ્રેક મારવા જતા બ્રેક ન વાગતા એસટી બસ રોડ પર રેલાઈ રોડ નજીક રહેલા ઝાડ સાથે ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે બસમાં મુસાફરોએ ચીસાચીસ કરી મુકતા આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા. એસટી બસની ટક્કરે ઝાડ ઉખડી ગયું હતું બસમાં મુસાફરી કરી રહેલા પરિવારની બાળકીની આંખે ગંભીર ઈજા પહોંચી હતી સદનસીબે બસમાં મુસાફરી કરી રહેલા અન્ય મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, બાળકીને આંખે ઈજા પહોંચતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરતાં એમ્બ્યુલન્સ માલપુર હોવાનું અન્ય એમ્બ્યુલન્સની ધનસુરાથી મોકલવાનું જણાવતાં અકસ્માતના પગલે દોડી આવેલા સેવાકીય સંસ્થા જાયન્ટ્સ મોડાસાના નીલેશ જોશી અને પ્રવિણ પરમારે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની રાહ જોયા વગર બાળકીને રિક્ષાની વ્યવસ્થા કરી તાત્કાલિક ઈજાગ્રસ્ત બાળકીએ સારવાર અર્થે દવાખાને ખસેડી પરિવારની મદદ કરી હતી. એસટી બસની ટક્કરે ઝાડ તુટી નજીકમાંથી પસાર થતા વીજતાર પર પડતા સમગ્ર વિસ્તારમાં વીજપુરવઠો ખોરવાતા વીજતંત્રના કર્મચારીઓએ સમારકામ કરી વીજપુરવઠો પુર્વરત કર્યો હતો.




## ધાનેરાના સિયા ગામે કારગીલ વિજય દિન મનાવાયો

શિયા ગામની સીમમાં ૫૫૦ કરતા વધુ વૃક્ષો વાવવામાં આવ્યા અને ગામના યુવાનોએ રક્તદાન કરી અંદાજે ૨૬ કરતા વધુ બોટલ રક્ત એકઠું કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સોશીયલ ડિસ્ટન અને માસ્ક બાબતે ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભીડ એકઠી ન થાય તે માટે સરકારની ગાઈડલાઈન મુજબ આયોજન કરવામાં આવ્યું હતું. રામપીર મંદિર ખાતે વ્હાઈટ ક્રોશ વોલેન્ટરી બ્લડ બેકના બેનર હેઠળ રક્તદાન શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાનેરાના સિયા ગામે આજે કારગીલ વિજય દિવસની ઉજવણી અને શહીદ બનેલા વીર જવાનોને સાચા અર્થમાં ગામ લોકોએ વૃક્ષ વાવી અને રક્તદાન કરી શ્રદ્ધાંજલિ અને વિજય મહોત્સની ઉજવણી કરી હતી.

## દંત્રાલમાં જીપે ટક્કર મારતા રાહદારીનું મોત

હિંમતનગર, તા. ૨૮

પોશીના તાલુકાના દંત્રાલ ગામે આવેલ સંગ્રામ ફળીમાં રહેતા એક યુવાનને બે દિવસ અગાઉ જીપના ચાલકે હડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડતા તેમનું મોત નિપજ્યુ હતુ જે અંગેની ફરીયાદ સોમવારે પોશીના પોલીસ સ્ટેશમાં નોંધાવા પામી હતી.

આ અંગે સંગ્રામફળીમાં રહેતા દોલાભાઈ ભુપતાભાઈ ડાભીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મજુબ ગત તા. ૨૬ જુલાઈના રોજ બપોરના સુમારે અહીંથી પસાર થઈ રહેલ જીપ નં. જીજે.૮.એ.૩૦૧૧ના ચાલક સુરેશભાઈ મણાભાઈ ડાભીએ પોતાના કબ્જાની જીપને બેદરકારી અને પુરઝડપે તથા ગફલતભરી રીતે હંકારીને રોડની સાઈડમાં ચાલતા જતા પોપટભાઈ ભુપતાભાઈ ડાભીને હડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી હતી. અકસ્માત કર્યા બાદ જીપનો ચાલક ભાગી ગયો હતો. દરમિયાન ગંભીર રીતે ઘવાયેલા પોપટભાઈ ડાભીનું મોત નિપજ્યુ હતુ જેથી દોલાભાઈ ડાભીએ જીપના ચાલક સુરેશભાઈ ડાભી વિરૂદ્ધ સોમવારે પોશીના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## પ્રાંતિજ પીઆઈ પી.એલ. વાઘેલાએ દેસાઈની પોળ કન્ટેઈનમેન્ટ ઝોનની મુલાકાત લીધી

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પીઆઈ પી.એલ. વાઘેલા દ્વારા આજે પ્રાંતિજ દેસાઈની પોળ ખાતે જાહેર કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ ઝોનની સ્થળ મુલાકાત લીધી હતી. સાથે-સાથે ગુર્જરની પોળમાં હજારોની સંખ્યામાં ચામાચીડીયાઓની વચ્ચે રહેતા વૃધ્ધ દિંવ્યાગ મહિલાની પણ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

હાલ કોરોનાને લઈને ઠેર ઠેર દેશ સહિત ગુજરાતમાં કોરોના પોઝીટીવ કેસોમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ સહિત તાલુકામાં પણ કોરોનાનું ગ્રહણ જોવા મળી રહ્યું છે અને તેમાં પણ પ્રાંતિજ તાલુકો કોરોના પોઝીટીવ કેસોમાં જિલ્લામાં બીજા સ્થાને છે ત્યારે જિલ્લામાં કોરોનાને લઈને મૃત્યુદરમાં પણ પ્રાંતિજ તાલુકો પ્રથમ સ્થાને છે. પ્રાંતિજ ખાતે તાજેતરમાં જ ઈડરથી બદલી થઈને આવેલ નવા પીઆઈ પી.એલ. વાઘેલા દ્વારા આજે પ્રાંતિજના દેસાઈની પોળ ખાતે એક દિવસ અગાઉ કોરોના પોઝીટીવ કેસ મળી આવતા સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ સરકાર દ્વારા કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ ઝોનની ખુદ પ્રાંતિજ પીઆઈ પી.એલ. વાઘેલા દ્વારા મુલાકાત લીધી હતી અને કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેતા રહીશો સાથે વાતચીત કરી હતી તો કન્ટેઈનમેન્ટ ઝોનમાં ફરજ બજાવત હોમગાર્ડ જવાનો તથા પોલીસ કર્મીઓને સુચનાઓ પણ આપી હતી અને કન્ટેઈનમેન્ટ ઝોનમાંથી કોઈપણ વ્યકિત બહારના આવે અને તેમણે જોઈતી દરેક પ્રાથમિકથી લઈને જરૂરીયાત ચીજવસ્તુઓ સુવિધાઓ કન્ટેઈનમેન્ટ ઝોનમાં પુરી પાડવામાં આવે જેથી સંક્રમણ ઓછુ થશે. પ્રાંતિજ પીઆઈ પી.એલ. વાઘેલાએ પ્રાંતિજ ગુર્જરની પોળ ખાતે હજારો ચામાચીડીયાઓની વચ્ચે રહેતા દિવ્યાગ અંધ વૃધ્ધ મહિલાની પણ તેમના ઘરે જઈને શુભેચ્છા મુલાકાત લીધી હતી અને તેમની સાથે વાતચીત કરી હતી. આ પ્રસંગે બીપીનભાઈ સોની, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ પણ ઉપસ્થિત રહ્યા હતા.

